# વંથળીના બે નવપ્રાપ્ત જૈન અભિલેખ : સમીક્ષાત્મક લઘુ અધ્યયન

સન્ ૧૯૮૨માં વંથળી(સૌરાષ્ટ્ર)થી પ્રકાશમાં આવેલ અને વર્તમાને જૂનાગઢના સરકારી સંગ્રહાલયમાં સંરક્ષિત, જિન પાર્શ્વનાથની પ્રતિમાના પબાસણ પર અંકિત પૃથક્ મિતિ ધરાવતા બે લેખ સામીપ્યમાં પ્રકટ થયા છે[૧]. અભિલેખો નિઃશંક મહત્ત્વપૂર્ણ છે અને એની સચિત્ર વાચના વિસ્તૃત ચર્ચા સમેત પ્રકટ કરવા બદલ સંપાદકો ધન્યવાદને પાત્ર છે.

સંપાદકો દ્વારા થયેલી સંદર્ભિત લેખોની વાચના આ પ્રમાણે છે :

૧. (स्वस्ति ।) संवत् ११८१ वर्षे माघ वदि [।*]शनौ श्री श्रीमालज्ञातिय ठ० लूणागसंताने **दण्डाधि**[।*]**पत्त( ति )श्रीसो( शो )भनदेवेन** आत्मश्रेयार्थ [।*]श्री **पार्श्वनाथ चैत्यं बि( बिं )बस**[।*]हितं कारितं प्रतिष्टि(ष्ठि)तं श्री **व्र( ब्र )ह्माणग**[।*]**च्छे** श्री **प्रद्युम्नसूरिभिः**[।*]

२. (स्वस्ति ।) संवत् १३४४ **ज्येष्ट(ष्ठ) वदि** ३ गुरु[।*]मलधारिश्री**नरचंद्रसूरिशिष्य**श्री[।*] [मत्]कल्याणचंद्रोपदेशा[।*]त्[।]ठ. लूणागउ(पु)त्रसंताने महं. कु[।*]मरसुत ठ० विजयसिंह[।*]भार्या ठ० पुनिणिपुव्या नायिकि [।*]देव्या पितृमातृ[-]

३. आत्मपुण्यार्थं च जलवटसिंह[पत्न्या] (का)उसगी(ग्गि)या २ ऐतजी[ज्जी ।*]र्णोद्धारः कारितः प्र. श्री**ब्र**[।]**ह्माणगच्छे श्रीजज्जगसूरिभिः** [।*]

પ્રથમ લેખ અનુસાર સં૦ ૧૧૮૧ (ઈ૦ સ૦ ૧૧૨૫)માં ઠક્કુર લૂણાગના વંશમાં થયેલા દંડાધિપતિ શોભનદેવે પોતાના આત્માના કલ્યાણ માટે બિંબસહિત પાર્શ્વનાથનું ચૈત્ય કરાવ્યું, જેની પ્રતિષ્ઠા બ્રહ્માણગચ્છના પ્રદ્યુમ્નસૂરિએ કરેલી. આ લેખ વસ્તુતયા અસલ લેખની સં૦ ૧૩૪૪ (ઈ૦ સ૦ ૧૨૮૮)માં ફરીથી કોતરાયેલ નકલ છે. પ્રથમ લેખની નીચે તરત જ બીજો સં૦ ૧૩૪૪ની મિતિવાળો લેખ કંડારાયેલો છે[૨]. લિપિના મરોડ પરથી બન્ને લેખો સં૦ ૧૩૪૪માં કોરાયા હોવાનો સંપાદકોનો અભિપ્રાય સાચો જણાય છે. પબાસણની શિલ્પશૈલી પણ એ જ તર્કનું સમર્થન કરે છે. મૂળ પબાસણ આમ અસલી પ્રતિમાના કારાપક દંડનાયક શોભનદેવના સમયનું નથી. છતાં ત્યાં કોરેલો પુરાણા મૂળ લેખની ખરી નકલ હોવાથી પ્રમાણભૂત છે એ તો સ્પષ્ટ જ છે.

પ્રથમ લેખની વાચના પરથી સંપાદકોએ સૂચવેલ તારતમ્યો એવં પ્રસ્તુત કરેલ ધારણાઓ કેટલેક અંશે વિચારણીય હોઈ અહીં એના પર અવલોકનો રજૂ કરવા ધાર્યું છે. સંપાદકોનાં વક્તવ્યોનો સાર સિલસિલાવાર નીચે મુજબ રાખી શકાય :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧) લેખોવાળી બેસણી પાયાના ખોદકામ દરમ્યાન વંથળીથી મળી હોઈ સં૦ ૧૧૮૧વાળા લેખમાં કરેલ શોભનદેવ-કારિત પાર્શ્વ-જિનાલય વંથળીમાં બંધાયું હોવાનું ધારી શકાય.

(૨) કારાપક શોભનદેવની સજ્જન મંત્રી પછી સોરઠના દંડનાયકરૂપે નિયુક્તિ થઈ હશે.

(૩) આમ હોય તો સજ્જન મંત્રીએ ગિરનાર પર જિન નેમિનાથના મંદિરનું નિર્માણ સં૦ ૧૧૮૫માં કરાવ્યું હોવાની જે નોંધ 'રેવંતગિરિરાસુ'માં મળે છે તે સાચી ન હોતાં મંદિર તે પહેલાંનાં વર્ષોમાં હોવું ઘટે.

(૪) 'પ્રબંધચિંતામણિ' અનુસાર સજ્જન મંત્રીએ સોરઠની ત્રણ વર્ષની ઊપજ ઉપર્યુક્ત મંદિરને બંધાવવામાં વાપરેલી; જીર્ણોદ્ધાર સંબંધી ત્યાં સં૦ ૧૧૭૯નો લેખ હોઈ કાર્ય વિ૦ સં૦ ૧૧૭૪ના અરસામાં હાથ ધરવામાં આવ્યું હોય.

(૫) સજ્જનના આ કૃત્યથી નારાજ થયેલ સિદ્ધરાજે જીર્ણોદ્ધાર બાદ એને પાછો બોલાવી એને સ્થાને શોભનદેવને દંડનાયક નીમ્યો હોય.

(૬) સિદ્ધરાજની સોરઠ પરની ચડાઈ મલધારી હેમચંદ્રસૂરિ સાથે ગિરનારતીર્થની વંદનાર્થે ગયેલા સંઘની ખેંગારે કરેલ પજવણીને કારણે હોય.

આ મુદ્દા એક પછી એક તપાસી જોઈએ :

(૧) સંદર્ભગત અભિલેખોમાં જો કે વંથળી(વામનસ્થલી)નું નામ દીધું નથી તોપણ પબાસણ વંથળીમાં મકાનના પાયાના ખોદકામમાંથી નીકળ્યું હોઈ એ તળપદું હોવાનો પૂરો સંભવ છે અને લેખમાં શોભનદેવને "સુરાષ્ટ્રનો દંડાધિપ" (सुराष्ट्रमण्डले दंडाधिपति) એમ કહ્યું નથી, એમ છતાં જ્યારે સૌરાષ્ટ્રના પ્રાચીન અને મહિમ્ન જૈન તીર્થો—ઉજ્જયંતગિરિ, શત્રુંજય પ્રભાસાદિ—ને છોડી વંથળી જેવા સ્થાને એ જિનાલય બંધાવે છે એ તથ્ય લક્ષમાં લેતાં, એ સોરઠ સાથે સંકળાયેલો રાજપુરુષ હોવો જોઈએ. શોભનદેવ સૌરાષ્ટ્રમાં દંડનાયકપદે રહ્યો હોવાની સંપાદકોની ધારણા સામે વાંધો ઉઠાવી શકાય એમ નથી.

(૨) પણ પ્રથમ લેખના સંવત્‌ના છેલ્લા અંકની વાચના પુનર્વિચારણા માગી લે છે. સંવત્‌દર્શક આંકડામાં શરૂઆતના બે એકડાઓનું રૂપ સ્પષ્ટ છે; બન્ને સીધા (લગભગ આજે ગુજરાતીમાં કરીએ છીએ તેવા) છે અને ગુજરાતના મધ્યકાલીન અભિલેખોમાં એકડો મોટે ભાગે એ જ રીતે જોવા મળતો હોઈ એમાં તો કોઈ જ સંશય-સ્થિતિ રહેતી નથી. ત્રીજો '૮'નો અંક પણ બરોબર જ છે, પણ છેલ્લો, જેને સંપાદકોએ '૧'નો અંક માન્યો છે તે મરડાયેલ હોઈ એને '૯'નો અંક માનવો ઇષ્ટ જણાય છે. લેખ વસ્તુતઃ સં૦ ૧૧૮૯ / ઈ૦ સ૦ ૧૧૩૩નો હોવાનું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાય છે. પ્રસ્તુત મિતિને શત્રુંજય પરનાં બે પૃથક્ પબાસણોના લેખોનું મહદંશે સમર્થન મળી રહે છે[૩]. ત્યાંના સંદર્ભગત લેખોની વાચના આ પ્રમાણે છે :

संवत् ११८९ वैसा(शा)षे महं **श्रीसो( शो )भनदेवेन** । **संभवस्वामि**प्रतिमा श्री **स( श )त्रुंजयतीर्थे** कारिता ॥

संवत् ११९० आषाढ सुदि ९ श्री**ब्रह्माणगच्छे श्रीयशोभद्रसूरि**.......
**शत्रुंजयतीर्थे महं. शोभनदेवेन** स्वयं श्रेयसे प्रतिमा कारापिता ॥

આમાં પહેલા લેખનું વર્ષ જેમ વંથળીના લેખમાં સં૦ ૧૧૮૯નું હોવાનું ઉપર સૂચવ્યું છે તે જ છે અને બીજા લેખનું સં૦ ૧૧૯૦. બન્ને લેખોમાં શોભનદેવને महं० (महंतो, महत्तम) હોવાનું કહ્યું છે. આથી એ નિશ્ચયતયા મંત્રી-મુદ્રા ધારણ કરનાર રાજપુરુષ છે; જો કે ત્યાં એને 'દંડાધીશ' કહ્યો નથી. પણ એમ જોઈએ તો કુમારપાળે જે આંબાક ઉર્ફે આમ્રદેવને ગિરનાર પર ચડવાની પદ્યા (પાજ) કરાવવા સોરઠનો દંડનાયક બનાવી મોકલ્યાનું સમકાલીન લેખક બૃહદ્ગચ્છીય સોમપ્રભાચાર્ય-કૃત **જિનધર્મપ્રતિબોધ** (સં૦ ૧૨૪૧ / ઈ૦ સ૦ ૧૧૮૫) અંતર્ગત કહે છે[૪] તે આંબાક પોતે તો ગિરનારના ખડકો પરના લેખોમાં પોતા માટે 'महं०' એટલું જ સૂચિત કરે છે[૫]. આથી શત્રુંજયના લેખોમાં 'દંડપતિ' શબ્દનો અભાવ મર્મયુક્ત બની શકતો નથી. વિશેષમાં શત્રુંજયના સં૦ ૧૧૯૦ની મિતિવાળા બીજા અભિલેખમાં પ્રતિષ્ઠાપક આચાર્ય યશોભદ્રસૂરિને 'બ્રહ્માણગચ્છ'ના કહ્યા છે, જેમ વંથળીના બંને લેખોના આચાર્યો—પ્રદ્યુમ્નસૂરિ તથા જજ્જિગસૂરિ—પણ બ્રહ્માણગચ્છના છે. આ વાત પણ લક્ષમાં લઈએ તો શત્રુંજયના લેખોના મહત્તમ શોભનદેવ વંથળીના લેખવાળા શોભનદેવથી અભિન્ન જણાય છે, એટલું જ નહિ,પણ શત્રુંજયના લેખોની મિતિઓ—સં૦ ૧૧૮૯ તથા સં૦ ૧૧૯૦—ને ધ્યાનમાં રાખતાં વંથળીના લેખની મિતિ સંપાદકોએ વાંચી છે તેમ સં૦ ૧૧૮૧ની હોવાને સ્થાને અહીં સૂચવ્યું છે તેમ સં૦ ૧૧૮૯ હોવાની શક્યતાને વિશેષ ટેકો મળી રહે છે અને એ કારણસર અરિષ્ટનેમિના ભવનની સજ્જન-કારિત નવનિર્માણ-મિતિ નાગેન્દ્રગચ્છીય વિજયસેનસૂરિએ **રેવંતગિરિરાસ** (ઈ૦ સ૦ ૧૨૩૨ પશ્ચાત્)માં જે સં૦ ૧૧૮૫(ઈ૦ સ૦ ૧૧૨૯)ની હોવાનું નોંધ્યું છે તે અફર રહે છે.

(૪) (સ્વ૦) ભગવાનલાલ ઇન્દ્રજીએ નેમિનાથના દક્ષિણ પ્રવેશદ્વાર (વસ્તુતયા ઉત્તર તરફની પ્રતોલી)માં સં૦ ૧૧૭૬(ઈ૦ સ૦ ૧૧૨૦)નો લેખ હોવાની જે વાત કરી છે તે ભ્રાંતિમૂલક છે. આજે વર્ષોથી ગુજરાતના વિદ્વાનો એ ગલત વિધાનથી ઊંધે રસ્તે દોરવાયા છે. પ્રસ્તુત લેખ-પ્રાંતે જે વર્ષ હતું તે બર્જેસે સં૦ ૧૨૭૬ જેવું વાંચેલું[૬]; જો કે એમાં જે આચાર્યનું નામ છે તે શ્રીચંદ્રસૂરિનો સમય એમની કૃતિઓ અન્વયે સં૦ ૧૧૬૯ / સં૦ ૧૧૧૩થી સં૦ ૧૨૨૮ / ઈ૦ સ૦ ૧૧૭૨ના ગાળામાં આવે છે. આથી ત્રીજો અંક '૭'ને સ્થાને અસલમાં '૦' અથવા '૧'નો હશે. (સ્વ૦) પં૦ લાલચંદ્ર ગાંધી એવું સૂચન કરે છે જ[૭], જે ગુજરાતના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઈતિહાસજ્ઞોએ લક્ષમાં લીધું નથી. બીજી મહત્ત્વની વાત એ છે કે ત્યાં "સજ્જન"ને બદલે "સંગાત મહામાત્ય" નામ આપ્યું છે[૮]. સન્ ૧૯૭૫ તથા ફરીને સન્ ૧૯૭૭માં શ્રી લક્ષ્મણભાઈ ભોજક તથા મારા દ્વારા થયેલ ગિરનારનાં મંદિરોના સર્વેક્ષણ દરમ્યાન એ લેખને તપાસતાં ત્યાં નિશ્ચયતયા "સંગાત" નામ જ કોતરાયેલું હોવાની ખાતરી થઈ છે[૯]. આમ સજ્જન મંત્રીએ સં૰ ૧૧૭૬ / ઈ૰ સ૰ ૧૧૨૦માં ત્યાં મંદિર કરાવ્યાની વાતને કોઈ જ આધાર રહેતો નથી. આથી રાસુ-કથિત મિતિ ફેરવવાને હાલ તો કોઈ જ પ્રમાણ વા કારણ ઉપસ્થિત નથી. આ વાત લક્ષમાં લેતાં શોભનદેવ સં૰ ૧૧૮૧માં સોરઠનો દંડનાયક હોવાની વાત ટકી શકતી નથી અને વંથળીના લેખનું વર્ષ સં૰ ૧૧૮૧ને બદલે સં૰ ૧૧૮૯નું જ હોવાની ઉપરની રજૂઆત વિશેષ મજબૂત બની રહે છે.

(૫) સોરઠની ત્રણ વર્ષની ઊપજ વાપરી નાખીને સજ્જને ગિરનાર પરનું ઉપરકથિત મંદિર બનાવ્યાની વાત સૌ પ્રથમ નાગેન્દ્રગચ્છીય મેરુતુંગાચાર્યના **પ્રબંધચિંતામણિ**(સં૰ ૧૩૬૧ / ઈ૰ સ૰ ૧૩૦૫)માં નોંધાયેલી છે[૧૦]. પછીનાં કેટલાંક પ્રબન્ધો અને અનુલેખનો એ જ વાત (અત્યુક્તિ સાથે) કહે છે[૧૧]. સિદ્ધરાજના પિતા કર્ણદેવના નામ ઉપરથી એને 'કર્ણવિહાર' સરખું અભિધાન અપાયાનું પણ **કુમારપાલપ્રબોધપ્રબંધ**માં કહ્યું છે[૧૨], પણ અજ્ઞાતકર્તૃક **કુમારપાલદેવચરિત**[૧૩] (આ ઈ૰ સ૰ ૧૩૦૦-૧૩૨૫) અનુસાર તો પ્રસ્તુત મંદિર સજ્જને કર્ણદેવના સમયમાં બાંધેલું અને એ પૂર્ણ થતાં પહેલાં સજ્જન દિવંગત થવાથી એના પુત્ર પરશુરામે ધ્વજારોપણવિધિ કરેલી[૧૪]. તપાગચ્છીય જિનમંડનગણિ પોતાના **કુમારપાલપ્રબંધ**(સં૰ ૧૪૯૨ / ઈ૰ સ૰ ૧૪૩૬)માં પ્રસ્તુત અનુશ્રુતિને યથાતથ અનુસરે છે[૧૫]. આ એક નોખી સમસ્યા હોઈ એ અંગે અહીં વિશેષ વિચાર કરવો પ્રાપ્ત નથી[૧૬], પણ મંદિરનું અભિધાન 'કર્ણવિહાર' રાખવામાં આવ્યું હશે એટલું તો ચોક્કસ, કેમ કે આ વાતની પુષ્ટિ કરતો, સિદ્ધરાજના શાસનકાલનો (મિતિ નષ્ટ) (અને ભાષાની દૃષ્ટિએ અપભ્રષ્ટ) અભિલેખ ગિરનાર પર નોંધાયો છે, જેમાં મંદિરનો સ્પષ્ટ રૂપે 'કરણાયતન (કર્ણાયતન)' નામે ઉલ્લેખ થયો છે[૧૭].

(૬) સિદ્ધરાજની સોરઠ પરની ચડાઈ હર્ષપુરીય-ગચ્છના મલધારી હેમચંદ્રસૂરિવાળા યાત્રા-સંઘની સતામણીને કારણે થઈ હશે એમ માનવું વધુ પડતું ગણાય. ખેંગારે સંઘને લૂંટ્યો નહોતો અને રોકી રાખ્યા પછી સૂરિની સમજાવટથી ડુંગર પર યાત્રાર્થે ચડવાની પરવાનગી આપી દીધેલી. સિદ્ધરાજની ચડાઈ શુદ્ધ રાજદ્વારી હેતુથી જ, રાજ્યને વિસ્તારી સામ્રાજ્ય બનાવવાની મહેચ્છાથી, અને એને પ્રભાવે 'સિદ્ધચક્રવર્તી' બનવાની લાલચે પ્રેરાઈ હોવાની વિશેષ સંભાવના છે.

વંથળી-પબાસણનો મૂળે સં૰ ૧૧૮૯નો સિદ્ધ થતો લેખ શત્રુંજયના લેખોથી શોભનદેવના વિષયમાં વિશેષ સ્પષ્ટતાનો દ્યોતક બની રહે છે[૧૮]. એક જૈન અનુશ્રુતિ એવી છે કે સજ્જન દંડનાયકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સૌરાષ્ટ્રમાં શ્રીમાળી વણિકોને વસાવ્યા. સજ્જન શ્રીમાળી હતો, વંથળી-લેખના દંડનાયક શોભનદેવ પણ શ્રીમાળી છે; અને સં૰ ૧૧૧૨-૧૩માં સોરઠના દંડનાયકરૂપે અધિકાર ચલાવનાર આંબાક-આમ્રદેવ પણ શ્રીમાળી હતો. આ તથ્યનો પણ કંઈક મર્મ તો હશે જ.

સિદ્ધરાજના સમયના વરિષ્ઠ રાજપુરુષો, જેમ કે સાંતૂમંત્રી, ઉદયન મંત્રી, મંત્રી આશુક તથા આલિગ, સોમ મંત્રી, અને દંડનાયક સજ્જન—જે સૌ ઉપલબ્ધ પ્રમાણો અનુસાર જૈન મનાયા છે—તેઓમાં હવે દંડનાયક શોભનદેવનો ઉમેરો થાય છે. ગુજરાતના અને સોરઠના ઇતિહાસ પર એક નાનકડું પણ પ્રકાશમાન વર્તુળ કેન્દ્રિત કરવા માટે સંપાદકો નિ:શંક ધન્યવાદના ભાગી બને છે.

ટિપ્પણો :

૧. પુષ્પકાંત ધોળકિયા તથા રામભાઈ સાવલિયા, "વંથળીની પાર્શ્વનાથ-પ્રતિમાની બેસણીના સં૰ ૧૧૮૧ અને સં૰ ૧૩૪૪ના લેખ," **સામીપ્ય,** ૧.૩, ઑક્ટો. ૧૯૮૪, પૃ૰ ૧૨૬-૧૨૯.

૨. એજન., પૃ૰ ૧૨૮.

૩. જુઓ મધુસૂદન ઢાંકી તથા લક્ષ્મણ ભોજક, "શત્રુંજયગિરિના કેટલાક અપ્રકટ પ્રતિમાલેખો", *Sambodhi,* VOl. VII, Nos. 1-4 (April 1978—Jan. 1979), p. 15.

૪. આચાર્ય જિનવિજય મુનિ (સં૰), "કુમારપાલપ્રતિબોધ-સંક્ષેપ," **કુમારપાલચરિત્રસંગ્રહ,** મુંબઈ ૧૯૫૬, પૃ૰ ૧૨૫.

૫. J. Burgess and H. Cousens, *"Revised List of the Antiquarian Remains in the Bombay Presidency",* Vol. VIII, ASI (NIS), Vol.XVI, Revised *ed.,* 1897, p. 359, Ins. Nos. 27 & 30.

૬. *Report on the Antiquities of Kāthiāwād and Kacch, ASWI,* sec. ed, Varanasi, 1971, p. 167 તથા Burgess and Cousens, *Revised List.,* p. 355, Ins. No. 14. આ લેખ પર શ્રી લક્ષ્મણભાઈ ભોજક તથા મારા દ્વારા લખાયેલ લેખ "ગિરનારના કેટલાક પૂર્વપ્રકાશિત લેખો પર પુનઃવિચાર"માં સવિસ્તર ચર્ચા થયેલી છે. (લેખ "(સ્વ૰) પં૰ બેચરદાસ સ્મૃતિગ્રંથ"માં સમાવિષ્ટ છે. જુઓ વારાણસી ૧૯૮૭, પૃ૰ ૧૯૩-૧૯૪, (સં૰ મધુસૂદન ઢાંકી, સાગરમલ જૈન.)

૭. "સિદ્ધરાજ અને જૈનો", **ઐતિહાસિક લેખસંગ્રહ,** વડોદરા, ૧૯૬૩, પૃ૰ ૧૦૯-૧૧૪ તથા ૧૨૦.

૮. બર્જેસે *Antiquities*માં તો "**सज्ञात**" વાંચેલું; પણ *Revised List*માં "सङ्गात"; આ બીજી વાચના જ સાચી છે.

૯. ગુજરાતનાં પ્રાપ્ત ઐતિહાસિક સાધનોમાં તો આ સંગાત મહામાત્યનું નામ જડતું નથી. રાજસ્થાન તરફના કોઈ રજવાડાના મંત્રી હશે ?

૧૦. જિનવિજય મુનિ (સં૰), સિંઘી જૈન ગ્રંથમાલા, ગ્રંથાંક ૧, શાંતિનિકેતન, ૧૯૩૩, પૃ૰ ૬૫;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"રૈવતકોદ્ધારપ્રબંધ".

૧૧. જિનવિજય મુનિ (સં.), **પુરાતન-પ્રબંધ-સંગ્રહ,** કલકત્તા ૧૯૩૬, પૃ. ૩૪, "મં. સજ્જનકારિતરૈવત-તીર્થોદ્ધારપ્રબંધ," પ્રત (P).

૧૨. જિનવિજય, **કુમારપાલ.**, પૃ. ૪૦.

૧૩. એજન, પૃ. ૨.

૧૪. મને આ બીજી પરંપરા એટલી પ્રતીતિજનક જણાતી નથી. સારોયે પ્રશ્ન વિશેષ અન્વેષણ માંગી લે છે.

૧૫. મુનિ ચતુરવિજય (સં.), શ્રી આત્માનંદ-ગ્રંથમાલા, રત્ન ૩૪, ભાવનગર, વિ. સં. ૧૯૭૧ (ઈ. સ. ૧૯૧૪), પૃ. ૪-૫.

૧૬. વિસ્તારપૂર્વક અન્યત્ર ચર્ચા કરવા વિચાર્યું છે.

૧૭. *Revised List.*, p. 356, Ins. No. 17.

૧૮. અહીં બીજા, સં. ૧૩૪૪વાળા લેખની કોઈ ચર્ચા નથી કરી. એમાં આવતા બ્રહ્માણગચ્છીય જજ્જિગસૂરિનું નામ સંપાદકોએ ટાંકેલ સલખણપુરની જૈન ધાતુપ્રતિમાના લેખ અતિરિક્ત પ્રસ્તુત ગામથી મળી આવેલ પાષાણનાં પબાસણો પરના કેટલાક લેખોમાં પણ મળે છે (જુઓ સં. જિનવિજય, **प्राचीन जैन लेखसंग्रह** (द्वितीय भाग), ભાવનગર, ૧૯૨૧, પૃ. ૩૦૭ (લેખાંક ૪૭૦, સં. ૧૩૩૦; લેખાંક ૪૭૩, સં. ૧૩૪૯), પૃ. ૩૦૯ (લેખાંક ૪૮૦, સં. ૧૩૩૦); પૃ. ૩૧૧ (લેખાંક ૪૯૦, સં. ૧૩૩૦) અને પૃ. ૩૧૨ (લેખાંક ૪૯૭, સં. ૧૩૩૦).

એક બીજી નોંધ એ લેવાની છે તે વંથળીની જુમામસ્જિદની ચાર પૈકીની ત્રણ મોટી, કરોટક પ્રકારની છતો, ત્યાંનાં જૈન મંદિરોના રંગમંડપોમાંથી ગ્રહણ કરવામાં આવી છે. આમાંની એક શોભનદેવ-કારિત પાર્શ્વનાથના મંદિરના મંડપની હોવાનો સંભવ છે.

મારા મૂળ લેખ પર સંપાદક-લેખક દ્વયે **સામીપ્ય**ના એ જ અંકમાં પૃ. ૫૨ પર જે ખુલાસો આપ્યો છે તે નીચે મુજબ છે.

"ઉપર્યુક્ત વિષય પરત્વે શ્રી ઢાંકી સાહેબે ઉપર મિતિમાં સં. ૧૧૮૧ને બદલે સં. ૧૧૮૯ વાંચવા કહ્યું છે, પરંતુ સદર લેખમાં સં. ૧૧૮૧ સ્પષ્ટ વંચાય છે. એ અનુસાર તિથિ અને વારનો મેળ બેસે છે, જ્યારે વિ. સં. ૧૧૮૯ વાંચતાં તિથિ અને વારનો મેળ બેસતો નથી. આથી વિ. સં. ૧૧૮૧નું વર્ષ વાંચવામાં ભૂલ થવાની કોઈ સંભાવના નથી (જુઓ આ અંકમાં આપેલો એનો એન્લાર્જ ફોટોગ્રાફ, ચિત્ર ૬.) આથી અમારા મૂળ લેખમાં પ્રતિપાદિત કરેલ મંતવ્ય યથાવત્ રહે છે."

**પુષ્પકાંત ધોળકિયા**
**રામભાઈ સાવલિયા**

આનો અર્થ એવો પણ થાય કે ઈસ્વી ૧૧૨૫માં મંદિર થઈ ગયા બાદ સજ્જન મંત્રીને ખસેડી તેમને સ્થાને શોભનની નિયુક્તિ થઈ હોવી જોઈએ, અને એ પદ પર તે ઓછામાં ઓછું સં. ૧૧૯૦ સુધી રહ્યો હોવો જોઈએ. બીજી બાજુ સજ્જન મંત્રીની પણ ઓછામાં ઓછું સં. ૧૧૭૧ ઈસ્વી ૧૧૧૫ પછીના કોઈ વર્ષમાં નિયુક્તિ થઈ ગઈ હોવી જોઈએ. અને શોભનદેવ એકાદ દશકા સુધી એ પદ પર એકાદ દાયકા સુધી રહ્યો હશે તેમ શત્રુંજયના અભિલેખો પરથી માનવું ઘટે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org